**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા**

# ઉકેલપત્ર : સત્સંગ પ્રાજ્ઞ - તૃતીયખંડ

**પ્રશ્નપત્ર - ૨**

**(સમય : બપોરે ૨ થી ૫)** **રવિવાર, ૧૫ જુલાઈ, ૨૦૧૨** **કુલ ગુણ : ૧૦૦**

**અગત્યની સૂચના**

પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં ( ગુણ : ૧ ) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '૦' (આંકડામાં શૂન્ય) લખવું. ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ -પ્રશ્ન શરૂ થાય તે પહેલાંકરવી.

## વિભાગ : ૧ : 'બ્રહ્મવિદ્યાનો રાજમાર્ગ' નવી આવૃત્તિના આધારે

**પ્ર.૧ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ ૬)**

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. ૧, ૨, ૩, ૪ (૧૨૨) ૨. ૧, ૩, ૪ (૪૫) ૩. ૧, ૨, ૪ (૧૮૬-૧૮૭)

**પ્ર.૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ ૫)**

**નોંધ : અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. પ્ર.૩૩ પ્રમાણે સમગ્ર સાધન કર્યે જેવા ભગવાન પ્રસન્ન થાય તેવા એક સાધને કરીને ભગવાન રાજી થાય એવો એક ઉપાય કયો છે ? (૧૧)

જ. ભગવાનનો જે દૃઢ આશરો એ એક સર્વ સાધનમાં મોટું સાધન છે, તેણે કરીને ભગવાન રાજી થાય છે.

૨. ભગવાનને વિશે પ્રીતિવાળાનાં કોઈપણ બે લક્ષણો લખો. (૫૧)

જ. (૧) ભગવાનની અખંડ સ્મૃતિ રહે (૨) એમનું ગમતું થાય આજ્ઞા ન લોપાય (૩) એમનો અભાવ-અવગુણ ન આવે અર્થાત્ એમનામાં દોષ કે મનુષ્યભાવ ન પરઠાય (૪) પંચવિષય કે પદાર્થમાં પ્રીતિ ન રહે.

૩. આપણો જન્મ કઈ બે વાત સાધવા સારુ થયો છે ? (૨૬)

જ. આપણો જન્મ બે વાત સાધવા સારુ થયો છે, તેમાં એક અક્ષરરૂપ થવું ને બીજું ભગવાનમાં જોડાવું.

૪. વચ.ગ.મ.૩૩માં શ્રીજીમહારાજ કયા નિમિત્તે પરમહંસોના સમ ખાય છે ? (૪)

જ. "જે દિવસ થકી અમે જન્મ્યા છીએ તે દિવસથી કરીને આજ દિવસ પર્યંત કોઈ દિવસ જાગ્રતમાં અથવા સ્વપ્નમાં દ્રવ્યનો કે સ્ત્રીનો ભૂંડો ઘાટ થયો હોય તો આ સમગ્ર પરમહંસના સમ છે."

૫. ધર્માદિક ચારેય ગુણોને એકબીજાની અપેક્ષા હોવા છતાં કયા ગુણનું પ્રાધાન્ય છે ? (૩૮)

જ. ધર્માદિક ચારેય ગુણોને એકબીજાની અપેક્ષા હોવા છતાં ભક્તિનું સવિશેષ પ્રાધાન્ય છે.

**પ્ર.૩ પ્રમાણ પરથી વિષયનું શીર્ષક આપો. (કુલ ગુણ ૫)**

૧. ભગવદીનો અવગુણ ન આવે તો કરોડ તીર્થ કર્યાં. (૧૪૨)

**જ. અભાવ-અવગુણ ન આવે તો લાભ**

૨. 'જીવને મોક્ષનું જે દ્વાર તે પણ એવા સાધુના પ્રસંગ થકી ઉઘાડું થાય છે.' (૧૫૯)

**જ. ગુણાતીત સત્પુરુષની આવશ્યકતા**

૩. 'મહારાજ અને અવતારાદિકને સરખા કહે તથા મોટા એકાંતિક અને સાધારણ સાધુને સરખા કહે ...'(૧૩૧-૧૩૨)

**જ. સત્સંગમાં રહેલા કુસંગની ઓળખાણ**

૪. 'પતિવ્રતાની રીત રાખવી તો ઠેઠ અક્ષરધામમાં પુગાશે' (૭૪-૭૫)

**જ. ભક્તિમાં પતિવ્રતાની ટેક**

૯૦૨

૫. ‘વૈરાગ્ય વિનાના જનની ભક્તિ શોભતી જ નથી.’ (૧૦૧)

**જ. વૈરાગ્ય વગર ખોટ**

**પ્ર.૪ નીચે આપેલા વિષયના ફક્ત તમામ મુખ્ય મુદ્દાઓ જ લખો. (કુલ ગુણ ૪)**

**નોંધ : અડધા મુદ્દા સાચા લખ્યા હોય તો ૧ ગુણ આપવો.**

**૧.** સંકલ્પનિષ્ઠા (અનુક્રમણિકા - પેજ. ૧૦)

જ. (૧) સંકલ્પનિષ્ઠાની અદ્ભુત શક્તિ (૨) મનુષ્યદેહની દુર્લભતા અને એનું પ્રયોજન
(૩) ક્યા સંકલ્પોની નિષ્ઠા (દૃઢતા) કરવી ? (૪) સંકલ્પનિષ્ઠાની દૃઢતાના ઉપાયો

**૨.** પ્રેમલક્ષણા ભક્તિ (અનુક્રમણિકા - પેજ. ૧૧)

જ. (૧) ભગવાનને વિશે પ્રીતિના લાભ (૨) ભગવાનને વિશે પ્રીતિ થવાના ઉપાયો
(૩) કેવી રીતે પ્રીતિ કરવી ? (૪) પ્રીતિવાળાનાં લક્ષણો

**પ્ર.૫ નીચે આપેલા વિષયો ઉપર મુદ્દાસર નોંધ લખો. (પંદરેક લીટીમાં) (કુલ ગુણ ૧૦)**

**નોંધ : જ્યાં પણ શાસ્ત્રોના પ્રમાણ નંબર આવતા હોય ત્યાં પરીક્ષાર્થીએ તે નંબર ન લખ્યા હોય તો પણ પૂરા ગુણ આપવા.**

**૧. ધર્મની આવશ્યકતા (૭૮-૭૯)** શ્રીજીમહારાજે પોતાનાં ઉપદેશવચનોમાં ધર્મની આવશ્યકતા સમજાવી છે. સાધનામાં ધર્મ પાળવાથી થતા લાભ અને ન પાળવાથી થતા નુક્સાનની વાત કરીને ધર્મ પાળવાનો અત્યંત આગ્રહ રાખ્યો છે. **ધર્મથી લાભ :** પંચવર્તમાનરૂપ ધર્મ પાળવાથી ભક્તને થતા લાભ વિશે શ્રીજીમહારાજ કહે છે : ભગવાન અને સંતની પ્રસન્નતા પ્રાપ્ત થાય. (વચ.પ્ર. ૨૫, ૭૮) પંચવિષય જિતાય, વાસના ટળે. (વચ. મ.૧૬, અં.૩૪) અનેક પ્રકારે રક્ષા થાય. (વચ. જેત. ૫) સુખ, શાંતિ, આનંદનો અનુભવ થાય. (વચ.પ્ર.૩૪, અં. ૮) સાચી મોટપ પ્રાપ્ત થાય. (વચ. પ્ર.૩૧, મ.૩૯) આ રીતે ધર્મપાલનથી સાધકને લૌકિક અને આધ્યાત્મિક દૃષ્ટિએ અનેક પ્રકારના લાભ છે. વિશેષે કરીને તો મનધાર્યા ધર્મપાલન કરતાં ભગવાનના માહાત્મ્ય, નિશ્ચય અને આશ્રયરૂપી સંબંધે કરીને તથા એમની આજ્ઞાએ કરીને નિયમધર્મનું પાલન કરવામાં આવે તો એનું અનંતગણું ફળ મળે છે. **ધર્મ વગર ખોટ :** સાધકના જીવનમાં ધર્મ ન હોય, તો સાધકને સાધના અને જીવનમાં શી ખોટ જાય છે તે મહારાજે સમજાવ્યું છે : વિષયમાં લેવાઈ જવાય. (વચ.મ.૩૫, અં.૩૩) અંતઃકરણ ભ્રષ્ટ થાય. (વચ. પ્ર.૮, ૧૮) આત્મનિષ્ઠા આદિક અને અન્ય ગુણોની સિદ્ધિ ન થાય. (વચ.પ્ર.૧૯) દુઃખ, ક્લેશ, અશાંતિ રહે. (વચ. પ્ર.૩૪, મ.૫૧, અં.૮) ધર્મ વગર સાધનામાં રહેતી ખોટ વિષે મહારાજ ‘શ્રીહરિચરિત્રામૃતસાગર’માં કહે છે : ‘‘ધર્મ વિના ભક્તિ, તીર્થ કે વ્રત વગેરે કરે તે ફળીભૂત થતું નથી.’’ (પૂરઃ૮, તરંગ : ૪૮) ભગવાનનો આશ્રય કરે પણ ધર્મનિયમ ન રાખે, તો તે આશ્રય ભાંગેલા નાવ સમાન છે. ધર્મનિયમ વિનાની કોઈ વાત ફળીભૂત થતી નથી.’’ (પૂરઃ૨૨, તરંગઃ૮૭) ધર્મ વિનાની ભક્તિ તે વિધવા ભક્તિ છે. સૂકું વૃક્ષ ફળ આપે તો વિધવા ભક્તિથી ફળ થાય. (પૂરઃ૨૨, તરંગઃ૧૫) **અથવા**

**૨. વૈરાગ્યના ઉપાયો : સાંખ્યજ્ઞાન (૧૦૩-૧૦૪)** સાંખ્યજ્ઞાનથી કેવી રીતે વૈરાગ્ય ઊપજે છે તે સમજાવતાં શ્રીજીમહારાજ વચ.મ.૨૪માં કહે છે, ‘‘સાંખ્યનિષ્ઠાવાળો જે ભગવાનનો ભક્ત તે તો મનુષ્યનાં સુખ તથા સિદ્ધ, ચારણ, વિદ્યાધર, ગંધર્વ, દેવતા એ સર્વેનાં જે સુખ તેને સમજી રાખે તથા ચૌદ લોકની માંહેલી કોરે જે સુખ છે તે સર્વેનું પરિમાણ કરી રાખે જે, ‘‘આ સુખ તે આટલું જ છે.’ અને એ સુખની કેડ્યે જે દુઃખ રહ્યું છે તેનું પણ પરિમાણ કરી રાખે. પછી દુઃખે સહિત એવાં જે એ સુખ તે થકી વૈરાગ્યને પામીને પરમેશ્વરને વિષે જ દૃઢ પ્રીતિ રાખે. એવી રીતે સાંખ્યનિષ્ઠાવાળાને તો સમજણનું બળ હોય.’’ સાંખ્ય વિચાર વગર જગતના વિષયોમાંથી વૃત્તિ પાછી ન વળે. તેથી જ તો ગુણાતીતાનંદ સ્વામી કહે છે : ‘‘સાંખ્ય વિચાર કરવા શીખવો. ને સાંખ્ય વિના લોભ, કામ, સ્વાદ, સ્નેહ ને માન એ પાંચ દોષ તથા અધ્યાત્મ, અધિભૂત ને અધિદૈવ એ ત્રણ તાપ એ સર્વેનું દુઃખ મટે નહિ. ને સાંખ્ય વિના અરધો સત્સંગ કહેવાય. માટે સુખિયા રહેવાને અર્થે સાંખ્ય વિચાર શીખવો.’’ (સ્વા.વા. ૧/૨) ‘‘સાંખ્ય વિચાર કરવાની બહુ વાત કરી. તે સાંખ્ય વિચાર તો નિત્ય નિયમ રાખીને કરવો, ને સાંખ્ય વિના તો અરધો સત્સંગ કહેવાય, ને સાંખ્ય વિના સુખ થાય નહિ, ને સાંખ્ય છે તે તો આંખ છે, ને આંખે કરીને સર્વે દેખાય. દત્તાત્રેય સાંખ્યવાળા ને સુખિયા રહેતા. માટે સાંખ્ય વિચાર કરવા માંડે તો આવડે ને ધીરે ધીરે સિદ્ધ થાય. તેમાં સાંખ્ય શું ? જે, આ લોક, ભોગ, સર્વે ખોટું છે, ને આત્મા છે તે સત્ય છે ને આકાશ સરખો નિર્લેપ છે, ને દેહ, ઇન્દ્રિયું, અંતઃકરણ અસંગી છે.’’ (સ્વા.વા. ૧/૨૭૯) ‘‘સાંખ્યે કરીને વિષયનો નિષેધ

થઈ જાય તો તેમાં માલ ન જ રહે. માયાના ગુણથી રહિત થાવું હોય તેને સાંખ્ય વિચારે કરીને બધું ખોટું કરી નાખવું.... તે સો વરસે કરો પણ કરે જ છૂટકો છે.'' (સ્વા. વા. ૧૩/૨૨૮) આમ, વિષયનો રાગ ટાળવા માટે નિત્ય સાંખ્ય વિચાર કરવો જરૂરી છે. સાંખ્યજ્ઞાનમાં નીચે જણાવ્યા પ્રમાણે ત્રણ વિચારની દૃઢતા કરવાની છે. (૧) દેહ અને જગતનું નાશવંતપણું (૨) પંચવિષયનું સુખ તુચ્છ, ક્ષણિક અને અંતે દુઃખનું કારણ (૩) પંચવિષયના ભોગની અતૃપ્તિ.

૩. **સ્વરૂપનિષ્ઠાથી જ કલ્યાણ (૩૨-૩૩)** વચનામૃતમાં શ્રીજીમહારાજનો સ્પષ્ટ સિદ્ધાંત એ જોવા મળે છે કે જીવનું આત્યંતિક કલ્યાણ ફક્ત સાધનોથી નહિ, પરંતુ ભગવાનના સ્વરૂપની નિષ્ઠાથી જ થાય છે. તેઓ સ્વરૂપનિષ્ઠા માટે ભગવાનના સ્વરૂપનું જ્ઞાન, ભગવાનનો મહિમા, નિશ્ચય કે આશ્રય, ભગવાનની શરણાગતિ, ઉપાસના કે નિષ્ઠા જેવા શબ્દો વાપરીને ભારપૂર્વક કહે છે કે એનાથી જ જીવ માયા પર થાય છે અને અક્ષરધામને પામે છે એટલે કે જીવનું આત્યંતિક કલ્યાણ થાય છે. અહીં વચનામૃતના કેટલાક સંદર્ભો વિચારીએઃ **પ્ર. ૫૬** - ''કેટલાક સિદ્ધ થાય છે ને કેટલાક સર્વજ્ઞ થાય છે ને કેટલાક દેવતા થાય છે, ઈત્યાદિક અનંત પ્રકારની મોટ્યપ પામે છે, તથા પરમપદને પામે છે, એ સર્વે ભગવાનની ઉપાસનાને બળે પામે છે, પણ ઉપાસના વિના કોઈ વાત સિદ્ધ થતી નથી.' **પ્ર. ૫૭** - ''ભગવાનના સ્વરૂપનું જ્ઞાન અને ભગવાનનું માહાત્મ્ય જાણવું એ બે અસાધારણ મોક્ષના હેતુ છે.'' **મ. ૩૨** - ''જીવનું જે કલ્યાણ થાય અને જીવ માયાને તરીને બ્રહ્મસ્વરૂપ થાય તેનું કારણ તો પુરુષોત્તમ એવા જે વાસુદેવ ભગવાન, તેના પ્રત્યક્ષ સ્વરૂપનું જ્ઞાન, ધ્યાન, કીર્તન અને કથાદિક એ જ છે, ને એણે કરીને જ એ જીવ છે તે માયાને તરે છે અને અતિ મોટાઈને પામે છે અને ભગવાનનું જે અક્ષરધામ તેને પામે છે.'' અનાદિ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી પણ પોતાની વાતોમાં આ જ સિદ્ધાંતને વારંવાર દોહરાવે છે. જેમ કે, ''મોક્ષનું કારણ તો ભગવાનની નિષ્ઠા છે.'' (સ્વા.વા. ૧/૩૦૭) ''નિશ્ચય છે એ જ આત્યંતિક કલ્યાણ છે ને નિશ્ચય છે એ જ સિદ્ધદશા છે.'' (સ્વા.વા. ૧/૩૦૯) ''ભગવાનના સ્વરૂપની નિષ્ઠા થઈ તેને સાધન સર્વે થઈ રહ્યાં બાકી કાંઈ કરવું રહ્યું નથી.'' (સ્વા.વા. ૧/૧૨૩) આ રીતે જીવના આત્યંતિક કલ્યાણ માટે તો ભગવાનનું સ્વરૂપ યથાર્થ સમજવું અત્યંત અનિવાર્ય છે. તેમાં કોઈક પ્રકારની ખામી રહી જાય તો જીવનું કોઈ રીતે કોઈ પ્રકારના સાધનથી કલ્યાણ થતું નથી. શ્રીજીમહારાજ આ હકીકતને સમજાવતાં કહે છે : **પ્ર ૭૨** - ''જેને ભગવાન ને સંતને વિષે જો નિષ્ઠામાં કાંઈક ફેર હોય તો તેનું ભગવાન રૂડું કરવાને ઈચ્છે તો ય રૂડું થતું નથી.'' **મ. ૧૩** - ''ભગવાનના સ્વરૂપમાં જો કોઈ રીતની સમજણમાં કસર રહી તો કોઈ રીતે વાંધો ભાંગશે નહિ.'' **અથવા**

૪. **એકાંતિક ધર્મ સિદ્ધ કરવાના ઉપાયો (૧૦૮-૧૦૯)** એકાંતિક ધર્મ પામવાનો, તેનું પોષણ કરવાનો અને તે સિદ્ધ કરવાનો ઉપાય બતાવતાં શ્રીજીમહારાજ કહે છે : साक्षाद् भगवतः सङ्गात् तद्भक्तानां च वेदृशाम् । धर्मो ह्येकान्तिकः पुम्भि प्राप्यते नाडन्यथा क्वचित् ॥ **અર્થ :** પ્રત્યક્ષ ભગવાન કે એકાંતિક ભક્તના સંગથી પુરુષ એકાંતિક ધર્મ પામે છે. એ વિના બીજે કોઈ પ્રકારે ક્યારેય પણ એ એકાંતિક ધર્મ પમાતો નથી. (સત્સંગિજીવન : એકાંતિક ધર્મ, ૩૪) **પ્ર. ૬૦** - ''આવી રીતનો જે એકાંતિક ધર્મ તે તો જે એવા નિર્વાસનિક પુરુષ હોય અને જેને ભગવાનને વિષે સ્થિતિ થઈ હોય તેને વચને કરીને જ પમાય, પણ ગ્રંથમાં લખી રાખ્યો હોય તેણે કરીને નથી પમાતો અને કોઈક સાંભળીને તેવી ને તેવી વાત કહેવા જાય તો કહેતાં પણ આવડે નહિ, માટે જેને એકાંતિકના ધર્મમાં સ્થિતિ થઈ હોય તે થકી એકાંતિકનો ધર્મ પમાય છે.'' **પ્ર. ૫૪** - ''સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યજ્ઞાન તેણે સહિત જે ભગવાનની ભક્તિ તેણે યુક્ત એવા જે ભગવાનના એકાંતિક સાધુ તેના પ્રસંગ થકી ભાગવત ધર્મ(એકાંતિક ધર્મ)નું પોષણ થાય છે.'' અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી પણ ધર્માદિક ગુણોને સિદ્ધ કરવાનો ઉપાય બતાવતાં કહે છે, ''જે મુમુક્ષુને એકાંતિક ધર્મ સિદ્ધ કરવો હોય ને સાક્ષાત્ અક્ષરબ્રહ્મના સાધર્મ્યપણાને પામીને સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણની અખંડ સેવામાં રહેવું હોય, તેને તેવા સંતમાં સર્વ પ્રકારે અંતરાયે રહિત થઈને જોડાવું. પણ તે વિના પોતાની બુદ્ધિબળે કરીને શાસ્ત્રમાંથી શીખીને પણ એ એકાંતિક ધર્મ પમાતો નથી. એ તો એકાંતિક થકી જ એકાંતિક ધર્મ પમાય છે, તેમ પ્રથમના સાઠમાં વચનામૃતમાં કહ્યું છે.'' (સ્વા. વા. ૮/૧૫) ભગતજી મહારાજ કહે છે : ''એવો જે એકાંતિક ધર્મ તે એકાંતિક થકી જ પમાય છે. માટે એકાંતિકમાં જ્યારે મન, કર્મ અને વચને જોડાઈ જાય અને તેને સર્વે દોષ રહિત અને સર્વજ્ઞ જાણે, તો જ એકાંતિક ધર્મ પમાય છે. એ સિવાય બીજો કોટિ ઉપાયે પણ પામતો નથી.'' (બ્રહ્મસ્વરૂપ પ્રાગજી ભક્ત પૃષ્ઠ ૨૮૫) આ રીતે એકાંતિક ધર્મના ધારક એવા ગુણાતીત સત્પુરુષ થકી જ એકાંતિક ધર્મ પમાય છે.

પ્ર.૬ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક વિષય ઉપર વિસ્તૃત નોંધ લખો.
(પચીસથી ત્રીસ લીટીમાં) (કુલ ગુણ ૧૦)

**નોંધ : જ્યાં પણ શાસ્ત્રોના પ્રમાણ નંબર આવતા હોય ત્યાં પરીક્ષાર્થીએ તે નંબર ન લખ્યા હોય તો પણ પૂરા ગુણ આપવા.**

૧. **વાસના અને સ્વભાવ ટાળવાના ઉપાયો (૧૩૮-૧૪૦)** શ્રીજીમહારાજે વાસના અને સ્વભાવ ટાળવાના ઉપાયરૂપે જે માર્ગદર્શન આપ્યું છે, તેને ભાવાર્થરૂપે જોઈએ. અંતર્દષ્ટિ કરીને પોતાના સ્વભાવ અને વાસનાની તપાસ કરીને એનું યોગ્ય નિદાન. (વચ.પ્ર.૩૮, સા.૧૮, અં.૩૫) પોતાનામાં જે જે વાસના કે સ્વભાવો રહેલા છે, એને વિશે અતિશય દોષભાવ કે શત્રુભાવ. (વચ.પ્ર. ૭૮, લો.૧૦, મ.૧૫) સ્વભાવ ટાળવાનો દૃઢ સંકલ્પ કરવો. (વચ.સા.૧૮, મ.૨૭) ભગવાન અને સંતના વચનમાં અને પોતાનામાં અતિશય દૃઢ શ્રદ્ધા અને વિશ્વાસ. (વચ.સા. ૯, ૧૮) ભગવાન અને સંત પાસે પોતાના કલ્યાણનો સ્વાર્થ. (વચ.અં. ૨૪) પોતાના કલ્યાણનો તથા સંતને રાજી કરવાનો ખપ. (વચ.પ્ર. ૫૭) ભગવાન અને સંતનો માહાત્મ્યજ્ઞાન અને દિવ્યભાવે સહિત નિશ્ચય. (વચ.પ્ર.૨૪, ૫૮, મ.૧૩) ભગવાનની માહાત્મ્યજ્ઞાને સહિત ભક્તિ. (વચ.સા.૫, લો.૧૬) આસ્તિકતા, શ્રદ્ધા અને પ્રીતિપૂર્વક કથાશ્રવણ. (વચ. કા. ૧૨, અં. ૨૪) ભગવાન અને સંતની સેવા. (વચ.મ. ૭, ૨૫) આત્મનિષ્ઠાની દૃઢતા. (વચ.મ. ૨, ૬૨) પોતપોતાના નિયમધર્મની દૃઢતા. (વચ.મ. ૧૬, અં.૩૪) કુમાર્ગે જતાં ઇન્દ્રિયો-અંતઃકરણને દંડ. (વચ.લો. ૧) ખબડદાર થઈને પુરુષપ્રયત્ન. (વચ.મ.૧૨, સા.૧૧) ભગવાન અને ભગવાનના ભક્તનો પક્ષ (વચ.પ્ર. ૭૮, અં. ૭) ભગવાનને શુદ્ધભાવે પ્રાર્થના. (વચ.પ્ર. ૪૮, પં.૩) દરેક મુદ્દાની સાથે આપેલા વચનામૃતોના મૂળ સંદર્ભો મનન-ચિંતનપૂર્વક વાંચવાથી શ્રીજીમહારાજે વાસના કે સ્વભાવો ટાળવા માટે જે જે ઉપાયો બતાવ્યા છે તેનું એક સ્પષ્ટચિત્ર મનમાં ઊભું થશે. તદનુસાર પ્રયત્ન કરવાથી એમની કૃપાથી વાસના અને સ્વભાવોનો નાશ થઈ શકે તેમ છે, એ નિશ્ચિત હકીકત છે. આ બધા જ ઉપાયો બધાએ જ અજમાવવા પડે એવું નથી. જેમ મૅડિકલ સ્ટોરમાં રહેલી બધી જ દવા બધાએ લેવાની હોતી નથી. જેને જે દવાથી રોગ મટે તેમ હોય તે જ દવા તેને લેવાની હોય છે. એમ અહીં પણ જેને જે જે ઉપાયોથી પોતાનાં વાસના અને સ્વભાવ ટળે તેમ હોય, તે અજમાવવાના હોય છે. સ્વભાવ અને વાસના ટાળવા માટે ઉપરોક્ત ઉપાયો અજમાવવાની સાથે સાથે નીચે જણાવેલાં પ્રતિલોમાદિક પાંચ પગથિયાં ઉપયોગી થઈ શકે તેમ છે. **૧. પ્રતિલોમ :** પાછી વૃત્તિ વાળીને અંતર્દષ્ટિ કરવી કે સ્વભાવ અને વાસના બાબતે આજે કઈ સ્થૂળ કે સૂક્ષ્મ ભૂલ ક્યારે, ક્યાં અને શા માટે થઈ ? **૨. પશ્ચાત્તાપ :** થયેલી ભૂલ બદલ અંતરમાં બળતરા, પસ્તાવો કે દુઃખ થવું જોઈએ. **૩. પ્રાયશ્ચિત :** થયેલી ભૂલના પ્રમાણમાં કંઈક ને કંઈક યથાશક્તિ નાનું મોટું પ્રાયશ્ચિત કરી લેવું જોઈએ. **૪. પુરુષાર્થ :** ફરી આવી ભૂલ ન થાય તે માટે જાગૃતિપૂર્વક પુરુષાર્થ કરવો જોઈએ. થયેલી ભૂલનું મૂળ કારણ શોધીને તે દૂર કરવા આયોજનપૂર્વક પુરુષાર્થ કરવો જોઈએ. **૫. પ્રાર્થના :** ફરી વખત આવી ભૂલ ન થાય તેવી બુદ્ધિ, શક્તિ અને પ્રેરણા મળે એ માટે મહારાજ અને ગુણાતીત ગુરુઓને પ્રાર્થના કરવી જોઈએ. ઉપરોક્ત સર્વે ઉપાયો અજમાવી શકાય અને સ્વભાવ તથા વાસનામાંથી સંપૂર્ણપણે મુક્ત થઈ શકાય, તે માટે એમને જ પ્રાર્થના કરવી અત્યંત અનિવાર્ય છે. એમની કૃપા વગર આમાંથી બહાર નીકળવું અશક્ય જ છે. માટે આપણા પુરુષાર્થની સાથે સાથે એમની કૃપાદૃષ્ટિ ભળે તે માટે પ્રાર્થના એક સબળ ઉપાય છે. કોઈ પણ સાધકે ઉપરોક્ત ઉપાયોની સાથે સાથે આ પાંચ પગથિયાં દ્વારા સ્વભાવ અને વાસના બાબતે થતી સૌપ્રથમ સ્થૂળ ભૂલો અટકાવવી જોઈએ. ત્યારબાદ સૂક્ષ્મ ભૂલો પર ધ્યાન કેન્દ્રિત કરીને તે દૂર કરી શકાય અને અંતે મહારાજ અને ગુણાતીત સંતની કૃપાથી સ્વભાવ-વાસનાને સંપૂર્ણપણે નિર્મૂળ કરી શકાય.

૨. **જ્ઞાનનું તાત્પર્ય : આત્મનિષ્ઠારૂપ જ્ઞાન-વિષયક સ્પષ્ટતા (૮૩-૮૪)** આત્મનિષ્ઠારૂપ જ્ઞાનનો વિચાર કરતાં પહેલાં એ અંગેની એક સ્પષ્ટતા કરવી આવશ્યક લાગે છે. આત્મનિષ્ઠા માટે શાસ્ત્રોમાં અને વિશેષે કરીને તો આપણા સંપ્રદાયમાં 'આત્મારૂપ, આત્મસત્તારૂપ, અક્ષરરૂપ, બ્રહ્મરૂપ' વગેરે શબ્દો વપરાય છે. 'અક્ષરરૂપ' અને 'બ્રહ્મરૂપ' શબ્દો તો પર્યાયવાચી જ છે. બન્ને એક જ અર્થનો નિર્દેશ કરે છે, પરંતુ 'આત્મારૂપ' તથા 'બ્રહ્મરૂપ' એ મૂળ શબ્દોના તાત્પર્યાર્થ જુદા છે. 'આત્મારૂપ' એને કહેવાય કે જેમાં સાધકને તેના આત્માની સ્વાભાવિક ગુણરૂપ (અછેદ્ય, અભેદ્ય, અજર, અમર, જ્ઞાનરૂપ, સુખરૂપ, સત્તારૂપ) સંપત્તિ પ્રાપ્ત થઈ હોય, જેને શાસ્ત્રમાં કેવળ આત્મનિષ્ઠ કે કૈવલ્યાર્થી પણ કહેવામાં આવે છે. આ સ્થિતિમાં સાધક ફક્ત ત્રણ દેહ, ત્રણ ગુણ અને ત્રણ અવસ્થાથી પર એવા કેવળ આત્માનો અનુભવ કરે છે. આ 'આત્મારૂપ' શબ્દથી 'બ્રહ્મરૂપ' શબ્દનું તાત્પર્ય

ભિન્ન છે. સાધક 'બ્રહ્મરૂપ'ની સ્થિતિમાં ઉપરોક્ત કેવળ આત્મનિષ્ઠ કે આત્મારૂપ કરતાં કાંઈક વિશેષ ગુણધર્મને પ્રાપ્ત કરતો હોય છે. 'બ્રહ્મભાવ' એ એક એવો આગંતુક વિશેષ ધર્મ છે, જે સાક્ષાત્ અક્ષરબ્રહ્મ કે તત્સ્વરૂપ સત્પુરુષના સમાગમથી મુમુક્ષુ પ્રાપ્ત કરે છે. આ રીતે 'આત્મારૂપ' અને 'બ્રહ્મરૂપ'ની સ્થિતિમાં ભેદ છે. તેમ છતાં મહારાજે વચનામૃતમાં પ્રાયઃ પૂર્વોક્ત 'આત્મારૂપ' શબ્દને જ પારિભાષિક રીતે વિશિષ્ટ અર્થમાં વાપર્યો છે. (વચ. સા. ૧૨, મ. ૬૨, ૬૬, અં. ૩૬) એ પારિભાષિક અર્થાત્ શ્રીજીમહારાજે વિશેષ રીતે કહેલા 'આત્મારૂપ', 'આત્મસત્તારૂપ' કે 'આત્મનિષ્ઠ' વગેરે શબ્દો 'બ્રહ્મરૂપ' કે 'અક્ષરરૂપ' શબ્દોના પર્યાય બને છે. અહીં વિશેષ સ્પષ્ટતા એ કરવાની કે શ્રીજીમહારાજ દ્વારા વિશિષ્ટ અર્થમાં પારિભાષિક રીતે પ્રયોજાયેલા 'આત્મારૂપ', 'આત્માસત્તારૂપ' કે 'આત્મનિષ્ઠ' વગેરે શબ્દો જ 'બ્રહ્મરૂપ' કે 'અક્ષરરૂપ' શબ્દોના પર્યાય બને છે, પરંતુ ઈતર શાસ્ત્રોમાં કે ઈતર સંપ્રદાયોમાં જે કેવળ આત્મનિષ્ઠ કે કૈવલ્યાર્થી મુમુક્ષુ માટે 'આત્મારૂપ' શબ્દ વપરાયેલો છે, તે 'બ્રહ્મરૂપ' શબ્દનો પર્યાય નથી. તેથી અહીં કહી શકાય કે ઈતર શાસ્ત્રોમાં કે ઈતર સંપ્રદાયોમાં કેવળ આત્મનિષ્ઠ વ્યક્તિ માટે વપરાયેલા 'આત્મારૂપ' શબ્દ કરતાં શ્રીજીમહારાજે વિશિષ્ટ અર્થમાં દર્શાવેલા 'આત્મારૂપ, આત્મસત્તારૂપ, આત્મનિષ્ઠ' વગેરે શબ્દો કાંઈક વિશેષ અર્થને સમાવતા હોઈ જુદા પડે છે. એ વિશેષ અર્થ એટલે (૧) આત્માના સ્વાભાવિક મૂળ ધર્મો  કરતાં પણ વધુ અને આગંતુક એવા બ્રહ્મભાવાત્મક ગુણની પ્રાપ્તિ. (૨) એવા બ્રહ્મરૂપ આત્મામાં પરમાત્માનો નિત્ય સંબંધ. વચનામૃતના બે સંદર્ભો દ્વારા પારિભાષિક આત્મારૂપ સ્થિતિના આ વિશેષ ગુણો સમજીએ. **સા. ૧૨** - ''પરિપકવ જ્ઞાની તેને તો આત્માનું જ અભિમાન દૃઢ રહે છે ને તે પોતાના આત્માને બ્રહ્મરૂપ માને છે અને તે બ્રહ્મને વિશે પરબ્રહ્મ જે પુરુષોત્તમ ભગવાન તે અખંડ વિરાજમાન છે અને તે ભગવાનના સ્વરૂપનો નિશ્ચય પણ એને અખંડ ને અખંડ રહે છે.'' મ. ૬૨ - ''પોતાના આત્માનું બ્રહ્મરૂપે દર્શન થાય છે ને તે બ્રહ્મને વિશે પરબ્રહ્મ જે નારાયણ તેનું પણ દર્શન થાય છે. અને તે દર્શનના કરનારાને એમ અનુભવ થાય છે જે, 'હું આત્મા છું અને મારે વિશે જે પરમાત્મા છે તે અખંડ રહ્યા છે.' અને એવી રીતની અખંડ સ્થિતિ રહે એ આત્મનિષ્ઠાની અતિ ઉત્તમ દશા છે.'' આ બંને સંદર્ભોમાં મહારાજ સ્પષ્ટપણે સમજાવે છે ત્રણ દેહાદિકથી ભિન્ન એવા આત્માનું બ્રહ્મરૂપે દર્શન થાય છે. એટલે કે આત્મા બ્રહ્મભાવ પ્રાપ્ત કરે છે. એવા બ્રહ્મરૂપ આત્મામાં પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણનો નિત્ય સંબંધ પણ રહે છે. ફલતઃ કેવળ 'આત્મનિષ્ઠ' આત્મસત્તારૂપ કે આત્મારૂપ' કરતાં બ્રહ્મભૂત કે બ્રહ્મરૂપ ભક્તો જુદા તથા વિશેષ છે, પરંતુ મહારાજે પ્રાયઃ પારિભાષિક (સાંપ્રદાયિક રીતે પ્રયોજેલા આત્મનિષ્ઠા, આત્મસત્તારૂપ, આત્મારૂપ વગેરે શબ્દો 'બ્રહ્મરૂપ' કે 'અક્ષરરૂપ' શબ્દના પર્યાય બની શકે છે. તેથી એવું કહી શકાય કે શ્રીજીમહારાજે વચનામૃતમાં આત્મનિષ્ઠા માટે આત્મસત્તારૂપ, આત્મારૂપ, બ્રહ્મરૂપ, અક્ષરરૂપ કે ચૈતન્યરૂપ એવા પર્યાયવાચી શબ્દોનો પ્રયોગ પ્રાયઃ એક જ અર્થમાં કર્યો છે.

**વિભાગ ૨ : અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી ભાગ ૧ તથા ૨નવી આવૃત્તિના આધારે**

**(ભાગ - ૧ પાના નં. ૧ થી ૫૫૧, પરિશિષ્ટ - ૩ પાના નં. ૫૮૩ થી ૫૯૯, ભાગ - ૨ પાના નં. ૨૭૯ થી ૪૧૭, પરિશિષ્ટ - ૧ પાના નં. ૪૧૮ થી ૪૩૦, પરિશિષ્ટ - ૩ પાના નં. ૪૫૫ થી ૪૬૪, પરિશિષ્ટ - ૪ પાના નં. ૪૬૫ થી ૪૭૩)**

**નોંધ :- (૧) પ્રશ્નઃ ૭ થી ૧૦ માટે અત્રે આપેલા ઉકેલપત્રમાં ફક્ત મુદ્દા જ આપ્યા છે. પરીક્ષાર્થીની રજૂઆત તથા વિચારધારા પ્રમાણે ગુણ આપી શકાય. મુદ્દાની સામે આપેલા અંક ગ્રંથનો ભાગ અને પાના નંબર દર્શાવે છે. (૨) અત્રે આપેલા પ્રસંગો અભ્યાસક્રમના આધારે તૈયાર કરેલા હોવાથી તે જ પ્રસંગો માન્ય ગણવા. તે સિવાયના પ્રશ્નને અનુરૂપ પ્રસંગો પરીક્ષાર્થીએ લખ્યા હોય પણ અત્રે આપેલા ન હોય તો તે પેપર ઉપર કાર્યાલયનું ધ્યાન દોરવા માટે પ્રશ્ન નંબર સાથે નોંધ મૂકવી.**

**પ્ર.૭ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક વિષય ઉપર મુદ્દાસર નોંધ લખો. (ત્રીસેક લીટીમાં) (કુલ ગુણ : ૧૨)**

**નોંધ : બે પ્રસંગ વર્ણનાત્મક અને બે થી ત્રણ જ લીટીમાં ઉલ્લેખ હોય તેવા બીજા ચાર પ્રસંગ સાથે કુલ છ પ્રસંગ હોવા જરૂરી છે.**

**૧. શ્રીજીમહારાજે પ્રસંગોપાત્ કરાવેલી ગુણાતીતાનંદ સ્વામીની અક્ષરબ્રહ્મ તરીકેની ઓળખાણ**

૧. ધામરૂપ અક્ષર તે જ આ ગુણાતીતાનંદ સ્વામી છે. - સારંગપુરમાં ફૂલદોલોત્સવ. ૧/૮૩

૨. આ સાધુને ઓળખો છો ! આ તો અમારું અક્ષરધામ છે ઓળખી રાખજો.- વંથળીના કલ્યાણભાઈને (બે વાઘ વચ્ચે બકરીના પ્રસંગ વખતે ) ૧/૯૩

૩. અહો ! અક્ષર તો આ લોકમાં પણ અમારી સેવામાં જ છે. (વરસાદમાં મહારાજ પર ધાબળો ધર્યો.) ૧/૧૧૦

૪. અમારો પગ કાઢો, નહિ તો ભાંગી જશે. ૧/૧૧૯-૧૨૦

૫. આ સાધુ તો અમારા અનાદિના સેવક મૂર્તિમાન અક્ષરબ્રહ્મ છે. (વરતાલમાં અઢાર માંદા સાધુની સેવામાં.)૧/૧૩૯-૧૪૦

૬. 'આ અમારા મૂર્તિમાન અક્ષરધામ છે.' (પંચાળા રંગોત્સવમાં મઘરીએ આરે સ્નાન કરતાં) ૧/૧૪૧-૧૪૨

૭. જેટલો અમારે અને એમને સંબંધ છે. એટલો બીજાને નથી. (નાજા જોગીયાને મહારાજે કહેલો ગુણાતીતાનંદ સ્વામીનો મહિમા) ૧/૧૬૭-૧૬૮

૮. આ તો અમારે રહેવાનું સાક્ષાત્ અક્ષરધામ છે માટે તેમના ચરણોમાં કોટી ગંગા, કોટિ કાશી અને અનેક તીર્થો રહ્યાં છે. (શિવાનંદને પાણી પાયું તે પ્રસંગ) ૧/૧૮૭

૯. જૂનાગઢમાં અમારું મૂર્તિમાન અક્ષરધામ સગડીના તાપમાં તપી ગયું. તેથી અમે પણ તપી ગયા. ૧/૧૮૭-૧૮૮

૧૦. કારિયાણીમાં બિરાજેલા મહારાજે ગુણાતીતાનંદ સ્વામીને ઠેસ વાગી - અમારા અક્ષરધામને ઠેસ વાગી તેથી ટેકો આપ્યો. ૧/૧૮૮-૧૮૯

૧૧. આ સાધુ તો અમારે રહેવાનું અક્ષરધામ છે. અમે એમનામાં અખંડ વાસ કરીને રહયા છે. (ભૂખ્યા સંતોને જમાડયા) ૧/૧૯૦

૧૨. એમની મોટપ કાંઈ આસનથી કે મહંતાઈથી નથી. અક્ષરબ્રહ્મનો અવતાર છે તેમ સમજાવ્યું. (શુકસ્વામી આસન શોધવા લાગ્યા ત્યારે) ૧/૧૯૧

૧૩. તેમને હું શી રીતે દૂર કરી શકું ? જ્યાં તે છે ત્યાં હું છું, અને જ્યાં હું છું ત્યાં તે છે. (અંત સમયે ગોપાળાનંદ સ્વામીને) ૧/૨૦૨

૧૪. ધામ વગર એકલા ધામીની પૂજા અધૂરી ગણાય. આ ગુણાતીતાનંદ સ્વામી અમારા અક્ષરધામ છે. તેમની પૂજા પણ કરો. (અંતિમ માંદગીમાં પૂજા કરવા આવેલા હરિભક્તને) ૧/૨૦૨-૨૦૩

૧૫. અમારા અક્ષરધામ આ ગુણાતીતાનંદ સ્વામી અને અમારે વિષે અત્યંત પ્રીતિવાળા રઘુવીરજી એ બેનું ધ્યાન રાખજો. - ગોપાળાનંદ સ્વામીને ભલામણ. ૧/૨૦૩

૧૬. એ સાધુ તો પોતાનું સામર્થ્ય ઢાંકીને વર્તે છે. (ગોવાળ મંડળીનો પ્રસંગ) ૨/૪૬૭

**૨. ગુણાતીતાનંદ સ્વામીનું તપ અને વૈરાગ્ય**

૧. 'મહારાજની આજ્ઞા તો બધાને માટે છે ને ?' (જેતલપુરમાં કાંકરાવાળી જમીન પર સુવાનો પ્રસંગ) ૧/૭૬-૭૭

૨. મહારાજના દર્શનની આસક્તિ (નેવા નીચે વરસતાં વરસાદમાં ઊભાં રહ્યાં તે પ્રસંગ) ૧/૭૮-૮૦

૩. જીવન પર્યંત દૂધનો ત્યાગ - કોવૈયાને પાદરે મહારાજના દર્શન થતાં કરેલો નિર્ણય. ૧/૯૩-૯૪

૪. આ સાધુ સ્વાદ તો મારી મૂર્તિનો લે છે. (ગોવાળ મંડળીનો પ્રસંગ) ૧/૧૦૦

૫. 'આ સાધુ આટલી ભૂખ રોજ વેઠતા લાગે છે. (રોટલાનો પ્રસંગ) ૧/૧૦૮

૬. આપની આજ્ઞા હોય તો લાવો શેર મઠ જમી જાઉં. ૧/૧૦૯-૧૧૦

૭. તમને સ્ત્રીયું બાધ કરનાર નથી, હજારો સ્ત્રીયું હશે તો પણ તમે નહિ લેવાવ. (કૃપાનંદ સ્વામી સાથે બુરાનપુર જઈ સ્ત્રીઓની સભામાં વાત કરવાની મહારાજે આજ્ઞા કરી ત્યારે મહારાજ કહે છે.) ૧/૧૩૫-૧૩૬

૮. શુષ્ક ખોરાક અને દેહ પ્રત્યેના અનાદરથી સ્વામીશ્રીને ઉદરનો રોગ. (રઘુવીરજી મહારાજે રામદાસ સ્વામીને સ્વામીશ્રીના ઉદરના રોગની દવા કરવા કહ્યું.) ૧/૨૩૪

૯. સાધુથી ચાંદીના મ્યાનામાં ન બેસાય. (ખંભાત હરિભક્તો સામૈયામાં નવાબ સાહેબનો ચાંદીનો મ્યાનો લાવ્યા ત્યારે) ૧/૪૧૪

૧૦. 'તેમાં કાંઈ તમારો હાથ ચીકણો થાય તેમ નથી.' (ડબલીમાંથી ધાણી ખાતાં સ્વામીશ્રીને જોઈને શંકાશીલ થયેલા સાધુએ ડબલીમાં હાથ નાખ્યો ત્યારે.) ૧/૫૦૨

૧૧. 'અમે તો ખૂરમા અને છાશ જમીએ છીએ.'- નાગર હરિભક્તને. ૧/૫૦૪-૫૦૫

**૩. વરતાલમાં સ્વામીશ્રીનું થયેલું અપમાન અને સ્વામીશ્રીની સાધુતા-ભક્તિ**

૧. વડતાલવાળા બોલ્યા વિના રહેશે નહીં ને તારાથી તે ખમાશે નહી. માટે તું અહીં જ રહે. - સ્વામીશ્રી પ્રાગજી ભક્તને. ૨/૨૭૯

૨. 'સ્વામી તો મંદિર ઉજ્જડ કરીને વાડીએ ગયા છે.' - ભીમજી કોઠારી - તમે જૂનાગઢ પાછા જાવ. મારું અપમાન થશે તે તમારાથી પણ ખમાશે નહી. - સ્વામીશ્રી જાગાભક્તને ૨/૨૮૦

૩. કરુણાનંદ બ્રહ્મચારી :- આ ગુણાતીતાનંદ સ્વામીની લોકો ભગવાનની જેમ પૂજા કરે છે. તેમને કેમ કોઈ કંઇ કહેતું નથી ? - મને કોઇ શુકજી કહેશો નહિ. સ્વામી ! તમને બધા અક્ષર માને છે તે તમે અક્ષર મનાવશો નહિ.- શુકમુનિ - પ્રભુ તો એક શ્રીજીમહારાજ છે તેથી કોણે ય પ્રભુ થવાશે નહી. - સ્વામીશ્રી - સભામાં મોટાનું અપમાન થાય છે તેથી ઘણાનું ભૂંડું થશે. - શાસ્ત્રી બળરામદાસજી આચાર્ય મહારાજને - સ્વામીશ્રીને આ રીતે ઠપકો આપવો અને અસભ્ય રીતે બોલવું તેમાં તમારી લાયકાત છે ? - સીંજીવાડાના પ્રભુદાસ. ૨/૨૮૪

૪. હળદી જરદી નવ તજે '.. શુકમુનિના સાધુને હાર પહેરાવ્યો - સદ્‌ગુરુ સંતોએ સ્વામીશ્રીનું કરેલું પૂજન- સ્વામી ! અમારું બોલ્યું માફ કરજો. - શુક સ્વામી. ૨/૨૮૫

૫. પ્રાગજીને વિમુખ કરવાનો તો મેં ઠરાવ કર્યો છે. - પવિત્રાનંદ સ્વામી ૨/૨૮૬

૬. આ ફેરે વરતાલવાળાએ બહુ કરી. - કેશવલાલ શેઠ બોટાદ - તમારી તેમણે ખોટ પડવા દીધી નથી માટે તે વાત હવે જવા દો. - સ્વામીશ્રી સિદ્ધાનંદ સ્વામીને. ૨/૨૮૯

૭. માધવ ! જેમ છોતેરાનો મેહ વરસે તેમ શબ્દના કરા પડયા - એ તો હું સહન કરું પણ જગતના જીવથી સહન ન થાય - સ્વામીશ્રી. ૨/૨૯૦

**પ્ર.૮ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર ટૂંકનોંધ લખો. (દરેક ટૂંકનોંધમાં પાંચેક લીટીના બે પ્રસંગો લખવા.) (કુલ ગુણ ૮)**

**નોંધ : દરેક પ્રસંગના ૨ ગુણ આપવા.**

**૧. બ્રહ્મવિદ્યાની પાઠશાળા - જૂનાગઢ**

૧. ઘરભંગ થયેલા રઘુવીરજી મહારાજનું મનોમંથન - ખાઇશ નહિ, ઝેર છે, ઝેર છે, ઝેર છે - આપ આમ વર્તો ત્યારે અમારા શા હાલ થશે ? - 'જો ગ્રથિંઓ ગાળીને તમને ગુણાતીત ના કરું, તો હું ગુણાતીત નહિ.' ૧/૪૦૨

૨. જો ગ્રંથીઓ ગાળીને તમને ગુણાતીત ન કરું તો હું ગુણાતીત નહિ. ૧-૪૦૨

૩. જો હું તીર્થવાસી થઈને જૂનાગઢ ન આવું તો હું રઘુવીરજી નહિ. ૧/૪૦૩

૪. જૂનાગઢમાં બ્રહ્મજ્ઞાનનો અખાડો - ઉપાસનાની વાત સ્વામીશ્રીએ સમજાવી. ૪૦૩-૪૦૫

૫. ધોલેરાના મહંત વાસુદેવચરણદાસ સ્વામીને અંતરમાં બહુ ઉદ્વેગ અને અશાંતિ રહે છે તો શું કરવું ? - 'શાંતિ જોઈતી હોય તો જૂનાગઢ આવો.' સ્વામીશ્રી. ૧/૪૧૬-૪૧૭

૬. સાક્ષાત્ શ્રીજીમહારાજનું દર્શન પણ આ ફૂલમાં આવી ગયું - ઉપદેશામૃતનું પાન કરવાથી કલેવર ઘડાઈ ગયું. ૧/૪૨૦

૭. ત્ર્યંબકલાલ : ઘર ભંગ થયું છે તે શું કરું - ચાલ જૂનાગઢ બ્રહ્મરૂપ કરી મેલું - ધર્મસ્વરૂપાનંદ બ્રહ્મચારી : 'મને રસાસ્વાદ નડતો નથી પણ બીજા દોષ નડે છે.' - ચાલો જૂનાગઢ બીજાં ઓગણત્રીસ પૂરાં કરી આપીશ.' ૨/૨૮૭

૮. પીતાબંર ફૂલચંદને બ્રહ્મરૂપ કરી દીધા. ૨/૪૨૭

૯. અહીં બધું જ છે પણ ગુણાતીત છે ? જગુભાઈની દૃઢતા. સાધુમાં જીવ જોડવાની મહારાજની આજ્ઞાપાલનની દૃઢતા. ૧/૫૪૨

૧૦. જૂનાગઢમાં 'કામિલ, કાબિલ સબ હુન્નર તેરે હાથ' એવા પાકા મુર્શિદ વિરાજે છે. ૧/૫૪૪

**૨. નિષ્કામધર્મપાલનના આગ્રહી - ગુણાતીતાનંદ સ્વામી**

૧. દૃષ્ટિ સંયમ - સુરતમાં દરરોજ ઝોળી માગવા છતાં ઉપવાસ ન પડતો. ૧/૮૪

૨. મહારાજની આજ્ઞાથી બુરાનપુરમાં સ્ત્રીઓની સભામાં બે માસ સુધી અંતવૃતિ કરી વાતો કરી. ૧/૧૩૬

૩. તમને એવા સાધુ આપીશ કે તમારાથી છૂટા નહિ પડે. ૧/૧૫૫

**૩. ગુણાતીતાનંદ સ્વામીએ કરેલા જીવન પરિવર્તન**

૧. મુંજો સુરુ પાપનો પર્વત - હિંસા ખૂબ આચરે તેને અહિંસા ધર્મ શીખવ્યો - ભક્તિ કરતો કર્યો. ૧/૩૦૫

૨. વાલેરા વરુનું પરિવર્તન કર્યું. ૧/૩૦૭

૩. વાલેરા વરુને પ્રગટની પાકી નિષ્ઠા - જ્ઞાનની દૃઢતા. ૧/૩૧૨

૪. રામા હાટીનું પરિવર્તન કર્યું. ૧/૩૯૩

૫. નાગર ભક્ત (જૂનાગઢના) તેમણે રસાસ્વાદ કાઢીને નિઃસ્વાદી બનાવ્યા. વૈરાગ્ય સિદ્ધ કરાવ્યો. ૧/૫૦૩

૬. પીતાંબર ફૂલચંદ - રજોગુણમાંથી પરિવર્તન - બ્રહ્મરૂપ થઈ ગયા. ૨/૪૨૭

**પ્ર.૯ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ <u>ત્રણ</u> પ્રસંગ વર્ણવી મનન લખો.**

**(પ્રસંગવર્ણન આઠેક લીટીમાં તથા મનન ચારેક લીટીમાં લખવું) (કુલ ગુણ ૧૨)**

**નોંધ : ૩ ગુણ પ્રસંગોના અને ૧ ગુણ મનનનો આપવો. મનન અહીં આપ્યા કરતાં જુદું પણ હોઈ શકે પણ વિષયને અનુરૂપ હોય તો તેના પૂરેપૂરા ગુણ આપવા.**

૧. **અહીં બધુંય છે પણ અહીં ગુણાતીત છે ? (૧/૫૪૨-૫૪૫)** ખંભાતના જગુભાઈ જૂનાગઢ સ્વામીશ્રીનો સમાગમ કરવા જતાં ગઢડામાં રોકાણ - જૂનાગઢ જવાની વિકટતા અને ગઢડાના પ્રસાદી સ્થાનનો મહિમા જણાવી કોઠારીએ જગુભાઈને જૂનાગઢ જવાની ના પાડી - અહીં બધું જ છે તેની ના નથી પણ અહીં ગુણાતીત છે ? જગુભાઈએ ગઢડાના કોઠારીને આપેલો જવાબ - જગુભાઈએ સ્વામીશ્રીને કરેલી ગઢડાની વાત - જૂનાગઢમાં તો 'કામિલ-કાબિલ સબ હુન્નર તેરે હાથ એવા પાકા મુર્શિદ વિરાજે છે.'- નિજાત્મનં બ્રહ્મરૂપં... પણ એ બ્રહ્મ કોણ છે એ કોઈએ જાણ્યું ? - શ્રીજીમહારાજે અક્ષરબ્રહ્મ દ્વારા ગુણાતીત જ્ઞાનની શાળા જૂનાગઢમાં ખોલી છે - મહારાજનું પુરુષોત્તમપણું તો આપે જ છતું કર્યું છે. - જગુભાઈ બધી બીક છોડીને જે અહીં આવશે તેનું કામ પાકી જશે.

**મનન :** બધાય તીર્થોમાં ફરીએ પણ જ્યાં ગુણાતીત સત્પુરુષ હોય ત્યાં જ કલ્યાણ જલદી થાય છે. બીજે કાળાંતરે કલ્યાણ થાય છે. પ્રગટ સત્પુરુષ હોય ત્યાં કામ થઈ જાય.

૨. **સત્પુરુષમાં હેડો થયો છે ? (૨/૨૯૧)** સ્નાન કરવા બેઠેલા સ્વામીશ્રીએ પૂછ્યું : 'આ ઘોડી કેમ હણહણે છે.' બાલમુકુંદદાસ સ્વામી : 'તેની સાથે બાંધેલી ઘોડીને આજે વેચી દીધી છે. તે ઘોડીનો હેડો થવાથી આ ઘોડી હણહણે છે.' - સ્વામીશ્રી : 'તમને સત્સંગમાં આવ્યે કેટલાં વર્ષ થયાં ?' - ચૌદ વર્ષ - 'એ ઘોડી જેટલોય સત્પુરુષમાં હેડો થયો છે ?' - ના - 'મોટાપુરુષ સાથે જીવ જડ્યા વિના સુખ, શાંતિ કે ગુણ આવે જ નહીં'

**મનન :** ભગવાન અને ભગવાનના સંત સાથે જીવ જોડવાથી જીવનમાં સુખ, શાંતિ અને તેમના ગુણ આવે છે. જીવનું કલ્યાણ થાય છે. માયિક ઉપાધિ ટળી જાય છે.

૩. **નાગર ભક્તનો રસાસ્વાદ કાઢ્યો (૧/૫૦૩-૫૦૫)** સ્વામીશ્રીના દર્શન અને ક્રિયાથી પણ પ્રકૃતિના રુક્ષ અને વિકૃત ભાવો ટળી જતાં - નાગર ભક્ત રોજ સ્વામીશ્રીના દર્શને - રસાસ્વાદી અને ઉત્તમ પ્રકારના ભોજનની રુચિવાળા - રોજ ઘરમાં કલેશ - માતાએ પોતાનું દુઃખ સ્વામીશ્રીને કહેવરાવ્યું - સ્વામીશ્રીએ તેમને કથામાં બેસાડ્યા - આવા મોટા મંદિરના મહંત શું જમતા હશે ? - સ્વામીશ્રી ! આપ શું જમો છો ? - અમે તો ખુરમા અને છાશ જમીએ છીએ - સ્વામીશ્રીના નિઃસ્વાદી જીવનથી હૃદયના અંકુરો બદલાયા - રસાસ્વાદના તમામ અંકુરો નિર્મૂળ થઈ ગયા.

**મનન :** સૂર્ય સામે ધૂળ નાખીએ તો તે જ ધૂળ આપણી આંખમાં પડે છે. ફૂલ નાખીએ તો આપણી ઉપર ફૂલ પડે છે. તે સત્પુરુષને જેવા જાણીએ તેવા ગુણ આપણામાં આવે છે. નાગર ભક્તે સ્વામીને નિઃસ્વાદી જાણ્યા તો તેના તમામ રસાસ્વાદ નિર્મૂળ થઈ ગયા. તો આપણે પણ સત્પુરુષને નિર્દોષ જાણવા જોઈએ. તેથી આપણે દોષ મુક્ત થઈ જઈએ.

૪. **ઝોકની લાજ (૧/૪૬૭-૪૬૯)** જોરાભાઈ અને વેરાભાઈ સ્વામીશ્રીની આજ્ઞાથી આલેસના નેસમાં ગાય લેવા. - ભરવાડણે ગાય લઈ જતાં ભગતને ગાય સાથે પાછા વાળ્યા - ભરવાડણે ગાયને પગે લાગી ઝોકની લાજ રાખવાની શિખામણ આપી.- આપણે સ્વામિનારાયણની ઝોકના છીએ માટે આપણે પણ સ્વામિનારાયણની લાજ રાખવી.- લાજે લૂગડાં પહેરીએ....મુક્તાનંદ સ્વામીને સત્સંગની લાજ છે - ગાયે પોતાના ઝોકની લાજ સાચવી તેમ આપણે પણ સત્સંગની લાજ વધારવી.

**મનન :** દરેકને પોતાની જાતિની, કુળની, સમાજની વગેરે લાજ હોય છે અને તે સાચવવા માથાં પણ આપી દેતાં હોય છે. તો આપણે સ્વામિનારાયણના - બી.એ.પી.એસ.ના છીએ તો આપણે પણ સત્સંગ અને સંસ્થાની લાજ વધે તેવું વર્તન કરવું જોઈએ.

૫. **આ તો ગુણાતીતાનંદ સ્વામી ભીડો ખમે (૨/૩૩૯)** અમદાવાદમાં દરવાજાના મેડે સ્વામીશ્રીનો ઉતારો - પવિત્રાનંદ સ્વામી તથા ભૂમાનંદ સ્વામીનો ઉતારો પણ ત્યાં - સ્વામીશ્રીના આસને હરિભક્તોની ભીડ - અકળાયેલા પવિત્રાનંદ સ્વામી : 'એ તો ગુણાતીતાનંદ સ્વામી ભીડો ખમે, અમારાથી ન ખમાય.' - પ્રાગજી ભક્ત અને શામજીભાઈ સમાધાન માટે - મંદિર બહાર ઓટલા ઉપર ઊતર્યા - 'આ અક્ષરધામ ચાલ્યું જાય છે, માટે દર્શન કરી લ્યો.' - 'આને લોકો વિમુખ કહે છે, પણ એકાંતિકની સમજણવાળા ખરા સત્સંગી તો

એ જ છે. તેમને વિમુખ કહેનારા પોતે જ વિમુખ છે.' - મહારાજ ! અમે અમારા ગુરુ પાસેથી રજા લીધી છે. - એ ગુરુ અને અમે ગુરુ નહીં - અમારું કાંડું શ્રીજીમહારાજે એમના હાથમાં સોંપ્યું છે. - સ્વામીને કાલે રોકવા છે. - ભગવત્પ્રસાદજી મહારાજે આપેલી અનુમતિ.

**મનન :** સત્સંગના પ્રચાર માટે સ્વાશ્રીએ રાત-દિવસ વેળા-કવેળા જોયા વગર હરિભક્તોને રાજી રાખતાં શુદ્ધ ઉપાસના સમજાવતાં. બીજા સદ્ગુરુઓ એટલો ભીડો વેઠી શકતાં નહિ. સ્વામીશ્રીના શિષ્યો પણ પોતાને વિમુખ કર્યા હોવા છતાં અક્ષરબ્રહ્મનો ઉદ્ઘોષ કરતા હતાં. સ્વામીશ્રી પોતે અક્ષરબ્રહ્મનો અવતાર હોવા છતાં સત્સંગની પ્રણાલી સારધાર પાળતા હતા.

**પ્ર.૧૦નીચે આપેલાં પાત્રોમાંથી કોઈ પણ <u>એક</u> પાત્રના પ્રસંગો વર્ણવી વ્યક્તિત્વનું આલેખન કરો. (કુલ ગુણ ૮)**

**નોંધ : પાત્રના પ્રસંગો વધારે હોય તેથી બધા જ પ્રસંગોનું વર્ણન હોવું જરૂરી નથી. ૬ ગુણ પ્રસંગોના અને ૨ગુણ વ્યક્તિત્વના આલેખનના આપવા.**

**૧. દરબારશ્રી અભયસિંહજી (ગણોદ)**

૧. પોતે એક વખત જમતા પણ દરબાર જૂનાગઢ આવતાં ત્યારે સ્વામીશ્રી તેમની સાથે જમવા જતા અને તેમને પોતે સહેજ જમીને પ્રસાદી આપતા. - આવી વાતોના એ ખરા ઘરાક છે. ૧/૩૫૮,૪૦૫

૨. ખેંગારજીના પુત્ર અભયસિંહજી - સ્વામીશ્રીના શિષ્ય - શ્રીજીમહારાજની સર્વોપરી નિષ્ઠા - નિશ્ચય અને પક્ષ અત્યંત દૃઢ - ગામમાં મંદિર બંધાવ્યું - રોજ મંદિરે એક પગે ઊભા રહીને સો માળા કરતા - કથાવાર્તા અને સંતસમાગમનું વ્યસન - હરિલીલામૃતમાં અભયસિંહના સંવાદ - સ્વામીએ મહારાજની મૂર્તિ પૂજવા આપી. - મૂર્તિ પટારામાં મૂકી - કુંવરીને મહારાજે દીધેલાં દર્શન - પટારામાંથી મૂર્તિ બહાર કાઢી નિત્ય સેવામાં મૂકી - ક્ષય રોગ- નિઃસંતાનપણાની ચિંતા - સ્વામીશ્રીએ સ્વપ્નમાં દર્શન દઈ આપેલો ઠપકો અને આશીર્વાદ - અલીભાઈ ખત્રીનું દેવું માફ કર્યું. - ૧/૫૮૮-૫૯૧

૩. સ્વામી ! તમને અમે અક્ષરબ્રહ્મ જાણીએ છીએ અને નમસ્કાર કરીએ છીએ તો અમારું પુણ્ય કેટલું ? - સ્વામીશ્રીને દરબારનો પ્રશ્ન - પુણ્ય કોઈ કાળે પણ ખૂટે તેવું નથી. - સ્વામીશ્રી. ૨/૩૬૭

૪. અભાગિયા ! સ્વામી કહે છે તે મોજ લે ને ! ભૂલો શું કામ પડે છે ! - જેશંકરને આપેલી સાચી દિશા. ૨/૩૮૬

૫. 'આ તાવડીમાં રોટલો ને વળી અમારી પ્રસાદીનો, તે તમને ક્યાંથી ફાવે ? ' સ્વામીશ્રી - 'અરે મહારાજ ! આપની પ્રસાદી ક્યાંથી ?' દરબાર - રમૂજ પ્રસંગ ૨/૩૮૮

૬. જૂનાગઢમાં ઠાકોરજીને પાકા થાળ માટે જમીન અર્પણ કરી ૨/૪૦૩

**વ્યક્તિત્વ :** પ્રગટને વિષે પૂરી નિષ્ઠાવાળા. સ્વામીશ્રી સાથે હોય ત્યારે તેમની પ્રસાદી સિવાય જમતા નહિ. મહારાજની સર્વોપરી નિષ્ઠા- સત્સંગનો પક્ષ રાખતા. બીજા હરિભક્તોને પણ સાચી દિશા બતાવી સ્વામીશ્રીની નિષ્ઠા કરાવતા

**૨. સ્વામી કૃષ્ણચરણદાસજી**

૧. સ્વામીશ્રીને પાણીની તંગી દૂર કરવા પ્રાર્થના કરી. તેથી ખૂબ વરસાદ થયો. સ્વામીશ્રીના વચને પાલ(તંબુ)ની ફરતે પાળ કરી. ૧/૪૯૭

૨. સંવત ૧૯૦૯ના અષાઢ સુદ બીજ (રથયાત્રા)ના દિવસે જન્મ - સ્વામીના હાથે વર્તમાન - સંવત ૧૯૩૩માં ભગવત્પ્રસાદજી મહારાજ પાસે દીક્ષા - કૃષ્ણચરણદાસ નામ- અત્યંત માયાળુ સ્વભાવના - સત્સંગીઓ પ્રત્યે હેત - સત્સંગીઓના દુઃખનું નિવારણ કરતા - મહારાજને પ્રાર્થના કરતા - ઉપદેશની શૈલી સૌમ્ય અને સરળ - સર્વોપરી ઉપાસના સમજાવવી એ તેમની વાતોનું મુખ્ય અંગ - સ્વામીશ્રી અક્ષરબ્રહ્મનો અવતાર છે એ નિષ્ઠા શિષ્યોને દૃઢ કરાવતા - કથામાં સ્વામીશ્રીના અક્ષરસ્વરૂપની વાતો કરતા - સ્વામીશ્રીના અનન્ય સદ્ગુરુ સંતોની એમના પર કૃપા હતી - સોરઠ દેશમાં ઘણા મંદિરો કર્યા. - યોગીજી મહારાજના દીક્ષાગુરુ - સંવત ૧૯૮૭ના અષાઢ સુદી પડવાને દિવસે ધામમાં ગયા. - સત્સંગમાં ૫૪ વર્ષ સેવા કરી. ૨/૪૨૮-૪૩૦

**વ્યક્તિત્વ :** દયાળુ પ્રકૃતિ - શુદ્ધ ઉપાસનાના ઉપાસક - સેવાભાવી - અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના પ્રવર્તક - સાધુતાવાળા. સત્સંગીઓ પ્રત્યે અપાર હેત - દુઃખ નિવારણ માટે શ્રીજીમહારાજને પ્રાર્થના કરતાં.

## વિભાગ ૩: સનાતન ધર્મ અભિગમ - નવી આવૃત્તિના આધારે

**પ્ર.૧૧ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)**

**નોંધ : અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

**૧. યોગીજી મહારાજના હસ્તે અર્ચાસ્વરૂપે ભગવાન ક્યાં ક્યાં થાળ જમી ગયા હતા ? (૯૯)**

જ. યોગીજી મહારાજના હસ્તે અર્ચાસ્વરૂપે ભગવાન ગોંડલ અને ભાવનગરમાં થાળ જમી ગયા હતા.

**૨. સ્વયં શ્રીજીમહારાજ આજ્ઞા કરે છતાં પણ કઈ આજ્ઞા ન માનવી ? (૭૨)**

જ. સ્વયં શ્રીજીમહારાજ આજ્ઞા કરે કે મુક્ત પુરુષોએ મુક્ત સ્ત્રીઓનો પ્રસંગ કરવો અને મુક્ત સ્ત્રીઓએ મુક્ત પુરુષોનો પ્રસંગ કરવો. તે આજ્ઞા ન માનવી.

**૩. માંસાહાર વિષે મનુસ્મૃતિ શું કહે છે ? (૫)**

જ. જે મનુષ્ય પ્રતિવર્ષ એક એક એમ સો વર્ષ સુધી અશ્વમેધ યજ્ઞ કરે છે અને બીજો મનુષ્ય જીવનપર્યંત માંસભોજન કરતો નથી તે બંનેનું પુણ્યફળ સમાન છે.

**૪. શ્રીજીમહારાજે બ્રહ્મચર્યની પ્રશંસા કરતા રામાયણના કયા બે ભક્તોને વખાણ્યા છે ? (૬૨-૬૪)**

જ. શ્રીજીમહારાજે બ્રહ્મચર્યની પ્રશંસા કરતા રામાયણના બે ભક્તો હનુમાનજી અને લક્ષ્મણજીને વખાણ્યા છે.

**૫. સોક્રેટીસના મતે મૃત્યું શું છે ? (૧૨૫)**

જ. સોક્રેટીસના મતે મૃત્યું 'મૃત્યુ સ્વપ્નહીન નિદ્રા છે અને પુનર્જન્મનું દ્વાર છે.'

**પ્ર.૧૨ નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો. (ચાર થી પાંચ લીટીમાં) (કુલ ગુણ : ૬)**

**૧. મદ્યપાનથી શરીર પર શી અસર થાય છે ? (૨૩-૨૪)**

જ. મદ્યપાનથી મગજની રક્તવાહિનીઓ ફૂટીને રક્તસ્ત્રાવ થાય છે. મગજ સડવા માંડે છે. ન્યુરાઈડીસનો ભોગ બનતાં અંધાપો, બહેરાપણું ન્યુમોનિયા જેવા રોગ થાય છે. હૃદય બંધ પડવાની શક્યતાઓ વધે છે. ફેફસાંને સોજો ચડે છે. કેન્સર વગેરે રોગ થવાની શક્યતાઓ વધી જાય છે. સ્વાદુપિંડ સડે છે. મૂત્રાશય, અસ્થિરસ, પ્લીહા, જનનેન્દ્રિય અને આંતરગ્રંથિઓ ઉપર રોગનું આક્રમણ થાય છે.

**૨. પુર્નજન્મમાં પાશ્ચાત્ય અવિશ્વાસ (૧૨૨)**

જ. એક જન્મના પાપ-પુણ્ય તથા ધાર્મિક વિશ્વાસના ફળથી અનંત નરક અથવા અનંત સ્વર્ગનો ભોગ એ એક ભ્રાન્ત સિદ્ધાંત છે. તેથી સેમેટિક ધર્મોનાં દર્શન અત્યંત દુર્બલ છે. થિયોસોફીકલ સોસાયટીના પ્રણેતા એની બેસેન્ટના શિશુ પુત્રીના અકાલ મૃત્યુનો સંતોષકારક જવાબ ખ્રિસ્તી ધર્મમાંથી ન મળવાથી હિન્દુ ધર્મ તરફ આકર્ષાયા હતા. નવલકથાકારો રાઈડર હગ્ગાર્ડ અને મેરી કરેલીની નવલકથામાં પુર્જન્મની વાતો છે. સામૂહિક રૂપમાં મરેલા મનુષ્યોનું એકાએક ઊઠીને ઉભા થવું અને પછી ન્યાયના ફળસ્વરૂપ અનંત સુખ અને અનંત કાળ સુધી યાતનાભોગ એક યુક્તિહીન (તર્કહીન) પ્રસ્તાવ છે એટલે ખ્રિસ્તીના ઈશ્વરના અસ્તિત્વની વાતો પણ મિથ્યા છે.

**૩. ભગવાન સ્વામિનારાયણે બંધાવેલા મંદિરોમાં કઈ કઈ મૂર્તિઓ પધરાવી છે ? (૯૪-૯૫)**

જ. અમદાવાદ અને ભુજમાં નરનારાયણ, વડતાલમાં લક્ષ્મીનારાયણની, ધોલેરામાં રાધિકા સહિત મદનમોહન, જૂનાગઢમાં રાધારમણ અને ગઢડામાં ગોપીનાથજીની મૂર્તિઓ પધરાવી છે. છેવટે અનેક ભક્તોને પોતાના સ્વસ્વરૂપનું જ્ઞાન થાય અને રાધાકૃષ્ણ વગેરે અવતારોથી પોતાનું પૃથક્પણું તથા સર્વોપરીપણું સમજાય એ હેતુથી વડતાલ મંદિરમાં દક્ષિણ ખંડમાં રાધાકૃષ્ણની મૂર્તિ સમીપે પોતાની મૂર્તિ 'હરિકૃષ્ણ' નામથી પધરાવી.

**પ્ર.૧૩ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ <u>એક</u>નો મુદ્દાસર જવાબ લખો. (દસેક લીટીમાં) (કુલ ગુણ : ૩)**

**૧. ભગવાનનાં પાંચ સ્વરૂપો અને અર્ચાસ્વરૂપની વિશેષતા (૯૦-૯૨)** શ્રીરામાનુજાચાર્યે પર, વ્યૂહ, વિભવ, અર્ચા અને અંતર્યામી એ એક જ પરમાત્માની પાંચ પ્રકારે અવસ્થિતિ સ્વીકારી છે. ભિન્ન ભિન્ન રૂપે પરમાત્માના સ્વરૂપનું દર્શન થતું હોવાથી તે તે પ્રકારે શાસ્ત્રોમાં વર્ણન જોવાં મળે છે. અર્ચા એટલે પૂજા અને તેને માટે થયેલ વિશેષ અવતાર એટલે અર્ચાવતાર. પરમાત્માએ અનેક વાર અવતાર ધારણ કરીને અસુરોનો સંહાર કર્યો, પોતાના ભક્તોની અધર્મ સર્ગ થકી રક્ષા કરી, અને ધર્મનું સ્થાપન કર્યું. પરંતુ પર, વ્યૂહ કે વિભવ અવતારથી જે કામ પૂરું થઈ ન શક્યું, તે

'અંતર્યામી એવો હું અર્ચા સ્વરૂપ ધારણ કરીને કાર્ય પૂરું કરીશ' તેમ કહ્યું છે. રામાનુજ મત પણ આ રીતે જ કહે છે. અર્ચા સ્વરૂપ સહિષ્ણુ, સુલભ, - વિમુખ જનના દોષ ન જોતાં પોતાને શરણે લઈ સર્વ મનોરથો પૂરાં કરે છે. સર્વજ્ઞ હોવા છતાં અજ્ઞાની બની આ સ્વરૂપે ભક્તોની ઇચ્છાઓ પૂરી કરે છે. અર્ચાસ્વરૂપ મૂર્તિરૂપે પરમાત્માનું સુલભપણું, સ્વાશ્રિતના દોષો ન જોતાં પોતાનાં આશ્રિતોને શરણે લેવા. ભગવાનની ઉપાસના માટે ઉપાસકને પ્રથમ અધિકાર મૂર્તિપૂજાનો (અર્ચાવતારની) સેવા પૂજાનો મળે છે. મૂર્તિના પૂજનથી જેમ જેમ અંતરના કલ્મષ-પાપ ધોવાતાં જાય તેમ તેમ તે ક્રમથી વિભવ, વ્યૂહ, પર અને અંતર્યામી એ પ્રકારે પૂર્વની ઉપાસનાથી ઉત્તરોત્તર અધિકાર મેળવે છે. આ રામાનુજ સંપ્રદાયનું ભક્તિમાર્ગનું હાર્દ છે. સમગ્રપણે જોતાં જણાય છે કે અપ્રાકૃત-દિવ્ય પર સ્વરૂપની સેવાના અધિકારી થવા માટે મૂર્તિપૂજા એ પ્રથમ પગથિયું છે.

૨. **પુનર્જન્મ વિષે સાંપ્રદાયિક દૃષ્ટાંત પુરાવા (૧૪૧-૧૪૩)** કારિયાણીના વીકમશી ખાચર પૂર્વ જન્મ ખંભાતના નારણ સુથાર - સત્યતાની ખાતરી માટે મહારાજે આપેલી નિશાની પાટડામાં પાંચસો રૂપિયાની વાંસળી - વૃંદાવનમાં લક્ષ્મીચંદ શેઠ - કારિયાણીમાં નથુ પટેલ - ધરમપુરના રાણી કુશળકુંવરબા પૂર્વ જન્મમાં રાજપૂત રાજાની કુંવરીને સુલતાનના જનાનખાને જવું પડ્યું - શુભ સંકલ્પ સાથે અડાલજની વાવ બંધાવી - મહારાજે સ્નાન કર્યું અને મહારાજનો યોગ - ગઢડાના જેઠા મેર સો જન્મથી છેડા વર્તમાન પાળતા હતા.

**પ્ર.૧૪ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ <u>એક</u> ઉપર ટૂંકનોંધ લખો. (પંદર થી વીસ લીટીમાં) (કુલ ગુણ : ૬)**

૧. **આહારશુદ્ધિ અને ભગવાન સ્વામિનારાયણ (૩૧-૩૬)** ગ.પ્ર. ૧૮ વચનામૃતમાં વર્ણવેલ વાતાવરણની અંતઃકરણ પર થતી અસર - પાંચ જ્ઞાનેન્દ્રિયોની સૂક્ષ્મ અસર અંતઃકરણ પર શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ - ભૂંડાને યોગે ભૂંડા અને ભગવાન કે સંતને યોગે સારા (સંપૂર્ણ વર્ણન પરીક્ષાર્થી ઉપર અવલંબે છે. - સ્થૂળ અને સૂક્ષ્મ બંને પ્રકારના આહારની શુદ્ધિથી જ સત્ત્વશુદ્ધિ સાંપડે છે.

૨. **બ્રહ્મચર્ય ભંગના શારીરિક, માનસિક અને વાચિક કારણો (૪૮-૫૦)**

| | | | |
|---|---|---|---|
| ૧. પૂર્વભૂમિકા | ૨. આહારમાં અવિવેક | ૩. શૃંગાર | ૪. કુસંગ |
| ૫. કુવિચાર | ૬. કુચર્ચા | ૭. સિનેમા | ૮. અનિયમિતતા |
| ૯. આત્મદોષ | ૧૦. ઘરનું વાતાવરણ | ૧૧. અસંયમ | |

❑ ❑ ❑